ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નેતૃત્વની કાપી પાંખો, આંદોલન વીંખી નાખ્યું!*
*પડાવીને ફાટફૂટ, સંગઠ્ઠન, પીંખી નાખ્યું!*
*ઝીંકી નાખ્યું શસ્ત્ર, કેસ-કબાલા-જેલનું -*
*હતાશા-વિભાજનમાં પટેલો એ ચીખી નાખ્યું!*

### હાઈકુ

*અણુ સામગ્રી -*
*પકડાવે છે ચીન -,*
*કપિને હાથ...*
*(પાકિસ્તાન ને અણુસહાય)*

*લબકે જીભ,*
*મનપા ને માંડવે*
*શિયાળો દુખી!*
*(મેયરપદની ખાટીદ્રાક્ષ)*

### ચિંતન

**સર્વ પરવશં દુઃખં સર્વમાત્મવશં સુખમ્ ।**
**એતદ્વિધાત્મમાસેન લક્ષણં સુખદુઃખ યોઃ ॥**

પરાધીન જેવું બીજું કોઈ દુઃખ નથી. સ્વાધીન જેવું બીજું કોઈ સુખ નથી. સુખ અને દુઃખનું આ લક્ષણ સંક્ષેપમાં જાણવું.

માણસ જાતે જ પોતાના સ્વભાવ, વાણી, વર્તનને કારણે સુખી કે દુઃખી થાય છે કેટલાંક લોકોને મળવાનું અને જોતાં જ આનંદ થાય છે અને કેટલાંક લોકો ન હોય - ન મળે તો આનંદ આવે છે આ એમના સ્વભાવનો પડઘો છે.

માણસ અન્યમાં જેટલી આશા-અપેક્ષા રાખે અને તે ફળે નહીં એટલે દુઃખ થાય છે. માતા-પિતા પુત્ર-પત્ની એકમેકમાં શેઠ-નોકર વગેરે જે-જેવી અપેક્ષા-આશા રાખે તે પૂર્ણ થતી નથી એટલે દુઃખ થાય છે.

સ્વાશ્રય-જાત મહેનત - કોઈમાં કંઈ પણ અપેક્ષા રાખ્યા વિના - 'ચાલશે - ફાવશે' નું સૂત્ર અપનાવનાર કાયમ માટે સુખ-સંતોષ-આનંદનો અનુભવ કરે છે.

### સુવિચાર

- સત્યને જાણતા હોવા છતાં તેને અમલમાં ન મૂકવું તે હિંમતની કમી છે - **લાઓત્સે**
- દુઃખને સહન કરવાનું સામર્થ્ય જે કેળવે છે,
  સુખ ને વહન કરવાની શ્રમતા તેને જ મળે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી પહોંચો, પછીનો રસ્તો આપોઆપ દેખાશે - **મલેશિયન કહેવત**
- તકરાર કરવા માટે બેની જરૂર પડે અને તે રસિક બનાવવા ત્રણની - **અખંડ આનંદ**
- મંઝીલ સુધી ચાલ્યાં કરીશું, ધ્યેય અમારું એ જ છે,
  કાંટાઓ મળશે તોય કહીશું, એ તો ફુલોની સેજ છે - **નાઝીર દેખૈયા**
- પોતાનું નબળું ગણવું નહીં, બીજાનું જોઈ બળવું નહીં - **એસ.એમ.એસ.**
- આજનું ઔષધ : નરણે કોઠે અજમો અને કેમિકલ વગરનો ગોળ ખાવાથી શીળસમાં તરત રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલના કહેવાતા નેતા 'વિકાસ' - 'વિકાસ'ના ગાણાં ગાય છે પણ સાચી સમસ્યા, પાણી, ખોરાક, રહેઠાણની દિશામાં કંઈ કરતા નથી - રણનો વિકાસ, ટ્રેન વાહન-વહેવાર, રસ્તામાં ઝડપ વધારી આખરે જવું છે કઈ ખીણમાં પડવા? સમસ્યાને ઓળખી સાચી દિશામાં દોડવું જરુરી છે...

હોટ-એર બલૂનમાં હવા ભરી 'વિકાસ' નામના બલૂનમાં એક નેતા ઊંચે ઊડ્યો - બલૂન પછી દિશા ભૂલી ગયો - ખૂબ મૂંઝાયો - બલૂન થોડું નીચે ઉતારી દરિયાકાંઠે બેઠેલી એક યુવતીને મોટા અવાજે પૂછ્યું - હું બલૂનમાં ઉડ્યો તો ખરો પણ હવે દિશા ભૂલી ગયો છું હું ખરેખર છું ક્યાં ?

સ્ત્રીએ જવાબ આપ્યો : જમીનથી ૩૦ ફૂટ ઉંચે - ૪૦-૪૧ નોર્થ લેટિટયુડ અને ૫૯-૬૦ ડિગ્રી વેસ્ટ લોન્ગીટ્યુડ પર છો?

નેતા મૂંઝાયો - બેન તમે એર હોસ્ટેલ છો? મને તમારો જવાબ ભલે સાચો હોય પણ કંઈ જ સમજાયું નથી હવે મારે કઈ દિશામાં જવું? સ્ત્રી હસી એન પૂછ્યું તમે નેતા છો?

## હિમાલય કાળો પડી રહ્યો છે

માણસ માંદો થાય ત્યારે એનો ચહેરો શ્યામ બની જાય છે. હિમાલય તો પર્વતરાજ છે. બરફથી આચ્છાદિત એનાં શિખરોને જોઈને આપોઆપ ઈશ્વર આળસ મરડતો લાગે. નાસ્તિક માણસ પણ હિમાલયનાં દર્શન કરીને વખત પૂરતો આસ્તિક બની જાય. પરંતુ એ જ નગાધિરાજ ૨૦૧૬ના એપ્રિલના અંતે કેવો ભાસી રહ્યો છે? એ જાણે લાંબી માંદગીમાં પટકાયો છે જેમાંથી બેઠો થઈ શકશે કે કેમ એ પ્રશ્ન છે. હિમાલય ફક્ત ભારતનો મુગટ નથી - એ તો છે ત્રીજો ધ્રુવ. ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ પછી પૃથ્વીના ત્રીજા ધ્રુવ તરીકે વૈજ્ઞાનિકોએ કવિની ભાષામાં એને આ ખિતાબ બક્ષેલો છે. ત્યારે એની વૃદ્ધાવસ્થામાં આપણે કેટલી નિર્દયતાપૂર્વક એને એકલો છોડી દીધો છે તેની હૃદયદ્રાવક છબી હવે ટીવી ચેનલો પર પ્રદર્શિત થઈ રહી છે. હિમાલયની ગંગોત્રી ગ્લેશિયર વરસોવરસ પીગળતી જાય છે. એનું કદ ઘટતું જાય છે. ગંગોતી ખાતે આવેલ ગંગામૈયાના મંદિરની આસપાસ એપ્રિલ-મે સુધી બરફ જામેલો રહેતો, પૂજારી પાંચ-દસ ફૂટ બરફની પાટ પર ઊભા રહી ગંગા મૈયાની આરતી ઉતારતા, એને બદલે આજે ગંગોત્રી મંદિર કોરું ધાકોર બની ગયું છે. અદલ કોઈ મેદાની મંદિર જેવું. આસપાસની ગંગોત્રી પર્વતમાળા નિર્વસ્ત્ર થઈ ગઈ છે. કાળી ભીલડી જેવી લાગવા માંડી છે. ગંગોત્રીની ટૂક. એથી ગંગાનો પ્રવાહ પણ દિનપ્રતિદિન ક્ષીણ બનતો જાય છે. કાકાસાહેબ કાલેલકર જેને લોકમાતા કહી બિરદાવે છે તે ગંગા આવનારાં વર્ષોમાં ગંદા ગરનાળામાં ફેરવાઈ જશે એવી દહેશત વરતાઈ રહી છે. એક તરફ ખુદ વડાપ્રધાન પોતાને ગંગામૈયાએ સાદ લઈને બોલાવ્યા હોવાની દુહાઈ દઈ વારાણસીમાંથી ચૂંટાઈઆવ્યા હતા. વર્ષોથી ગંગા પ્રાધિકરણના નામે અબજો રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે, રાજીવ ગાંધીથી લઈ નરેન્દ્ર મોદી અને ઉમા ભારતી સુધીના નેતાઓને ગંગાને 'શુદ્ધ' કરવાનું વ્રત તો લીધું, પણ પરિણામ શૂન્ય છે! ગ્લોબલ વોર્મિંગ અને માનવસર્જિત પ્રદૂષણના પરિણામે ગ્રીન સિટી ગાંધીનગરનો પારો ૪૦° ની આસપાસ રહ્યા કરે છે. લૂ અને ગરમીથી થતાં મૃત્યુના આંકડા ગરમીને લીધે તેલંગાણા અને ઓડિશામાં થયેલાં મરણ એ ભલે નરેન્દ્ર મોદીએ એનું ઝીરો બેલેન્સવાળું બેંક ખાતું ખોલી આપ્યું હોય! પ્રકૃતિ રૂઠે છે ત્યારે એ પરમાત્માની પણ માન્યતા નથી રાખતી. ભૂકંપ અને સુનામીમાં ભલભલા દેવાલયો ધ્વસ્ત થઈ ગયાં છે. હિમાલયની છત્રછાયા નીચે

### તંત્રીસ્થાનેથી...

આપણા પ્રગતિશીલ સમાજના માથે કાળી ટીલી સમાન છે. ૨૦૧૬નું વર્ષ કદાચ અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ બનવા જઈ રહ્યું છે. જો ગરમીની આ વિક્રમ દોટ આ જ ગતિએ ચાલતી રહેશે તો આવનારાં વર્ષોમાં ગરીબ ઝૂંપડાવાસી માટે જીવવું દોહ્યલું થઈ પડશે. એની પાસે એસી મુકાવવાની ત્રેવડ નથી, ભારતવર્ષ યુગોથી સુરક્ષિત રહ્યું છે. હવે આપણા જ પાપે એ હિમાલય ઓગળી રહ્યો છે - કાળો પડી રહ્યો છે. શું એને વેળાસર સાચવી લેવાની આપણી ફરજ નથી? તુસાદ મ્યુઝિયમમાં મીણની પ્રતિમા મુકાવવા કરતાં હિમાલયને બરફની ચાંદર ઓઢાડવી વધુ જરુરી નથી?

## સફળતાનું મોટામાં મોટું રહસ્ય વાક્છટા જ છે...

*'રોજ મારાથી મને વાંધો પડે,*
*એટલે મારે મને જોવો પડે.*
*કૈંક તો સારું બધામાં હોય છે,*
*લીમડાનો છાયો ના કડવો પડે.'*

(ગૌરાંગ ઠાકર)

ગુજરાતનું એક નાનું નગર. એક સાધારણ મકાન ને અસાધારણ લોક. નાનકડો ઓરડો ને વિશાળ હૃદય. ઈંટ અને માટીની દિવાલો ને લાગણી ભીનું હૃદય. એક ખૂણામાં પાણીનું માટલું ને ન્હાવા માટે નાનકડી ચોકડી. ગુજરાતના વડનગરનું નાનકડું મકાન. આ મકાનમાં નાનકડાં નરેન્દ્રનો જન્મ. એ દિવસે તારીખ હતી ૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૦.

પક્ષાપક્ષી પર નભનારા વાંચવાનું ટાળી શકે. વકતા તરીકે સંઘર્ષ કરી તક ઊભી કરવામાં માનનારા યુવાનો ચોકકસ વાંચે અને ઈ-મેઈલ પણ કરે.આજે સમર્થ વકતા નરેન્દ્રભાઈની વાત કરવી છે.

નાનપણથી જ સંઘર્ષ. ચાની કિટલી પર કામ કર્યું. સંઘર્ષ વગરની સફળતા સંભવી શકે નહીં. જેનું ધ્યેય નકકી છે તના સંઘર્ષને પણ એક સુગંધ હોય છે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર નરેન્દ્રનાથનો સંઘર્ષ જાણીતો છે. અને ભારતને દુનિયાના નકશામાં વિશેષ સ્થાન અપાવવા મથતા નરેન્દ્રભાઈનો સંઘર્ષ આખી દુનિયા જોઈ રહી છે. નાના કામમાં ઉચ્ચ ગુણોનો આવિષ્કાર. પગ જમીન પર ને નજર ઊંચે આકાશમાં. સૌને સાથે લઈને ચાલવાની નેમ. આ વડનગરના નરેન્દ્રને સ્વામી વિવેકાનંદને વાંચવાનો બાળપણથી શોખ. ને તેથી જ નરેન્દ્ર પર નરેન્દ્રનાથનો પ્રભાવ જોઈ શકાય. ગુજરાતની અસ્મિતા અને ભારતના ગૌરવની સતત ચિંતા અને ચિંતન.

એક સારા વકતા પાસે સારી બોડી લેંગ્વેજ હોવી ઘટે. અવાજનો આરોહ અને અવરોહ હોવો જોઈએ. સારી ભાવભંગિમા હોવી જોઈએ. સારો અભિનય, વ્યંગ, કટાક્ષબાણ અને ઊંડો આત્મવિશ્વાસ હોવો જોઈએ. એક સારા વકતા પાસે બોલતી વખતે પ્રજાને પોતાની સાથે -પોતાના વકતવ્યમાં જોડવાની કલા આવડવી જોઈએ. લાખોની મેદનીને જેઓ પોતાની વકતૃત્વકળા સાથે લયબધ્ધ કરી શકે છે તે એટલે શ્રી નરેન્દ્રભાઈ મોદી.

શ્રોતાઓ સાથે ઐક્ય સાધવાની પ્રયુકિતઓનો તેઓ બરાબર ઉપયોગ કરી જાણે છે. સમર્થ વકતા સઢ અને સુકાન બન્ને પોતાના હાથમાં રાખે છે. પબ્લિકસ્પિકિંગ માટેના નિષ્ણાત જહોન આર. હેલ કહે છે ''જેઓ પબ્લિક સ્પિકિંગની આર્ટ હસ્તગત કરે છે તે સામાન્ય માનવી હોય તો પણ તેનું 'કિંગ' માં પરિવર્તન થઈ શકે છે.''

નરેન્દ્રભાઈ વિશે ઘણા પુસ્તકો લખાયા છે. શ્રી દેવેન્દ્ર પટેલનું 'રાજનીતિજ્ઞ' વિશેષ ધ્યાન ખેંચે છે. તેઓ નોંધે છે કે - નરેન્દ્રભાઈની સફળતા એમના એટિટયુડ-અભિગમમાં છુપાયેલી છે. એમના જે વ્યકિતત્વ માટે તેમને રંજાડવામાં આવ્યા એ જ વ્યકિતત્વ તેમને બીજા બધાથી અલગ પાડે છે. એમનું એબ્નોર્મલ હોવું એ જ એમની ''આઉટ સ્ટેન્ડિંગ'' ગુણવત્તાનું કારણ બની રહયું છે. નરેન્દ્રભાઈ લોકોના દિલોદિમાગમાં તોફાન જગાવી શકે અને તોફાનો શમાવી પણ શકે છે.

અમેરિકાના હાલના પ્રમુખ બરાક ઓબામાને એક શુભેચ્છકે પૂછયું હતું : તમારા જીવનની મૂળભૂત પ્રેરણા કઈ ? ઓબામા એ કહયું, : ''એક નદીની જેમ આપણે જીવતા જવું અને આસપાસનો પ્રદેશ લીલોછમ્મ કરવાની આપણી ક્ષમતા વધારતા જવું.''



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

નરેન્દ્રભાઈને ઓબામાની આ વાત એટલી જ લાગુ પડે છે. તેઓ રાજકારણને પૂરા સમયની રમત માને છે, તેઓ સ્વયં પૂર્ણકાલીન રાજકારણી છે. રાજનીતિના મેદાનમાં પરફોર્મ કરવામાં માને છે. તેઓ પરિવાર વાદ થી પરે છે. અહીં એક પ્રસંગ આલેખવાનું ગમશે. સરદાર વલ્લભભાઈ પટેલના પરિવારનો એક પ્રસંગ છે. એ વખતે દેશને આઝાદી મળી ચૂકી હતી. સરદાર સાહેબ દેશના નાયબ વડાપ્રધાન હતા. એક દિવસ સરદાર સાહેબના પૌત્ર બિપીનભાઈ વ્યવસાયની શોધમાં દિલ્હીથી મુંબઈ ગયા હતા. ત્યારે સરદાર સાહેબે પોતાના જ પૌત્રને સલાહ આપી હતી. ''જગતમાં ભાતભાતના લોકો મળશે, રોટલા ના મળે તો અહીં આવજો, પણ સરદારના નામે કમાશો નહીં. સરદારના નામનો ઉપયોગ કરશો નહીં, સરદારના નામની લાગવગ વાપરશો નહીં.'' આજે નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદીના પરિવારને પણ નરેન્દ્ર મોદીના નામે કમાવવાનો કોઈ અધિકાર નથી.

હા, એક વાત સ્વીકારવી પડે કે માત્ર સારું વકતૃત્વ જ સફળતાનો પર્યાય નથી. છતાં એક વાત ચોકકસ છે કે સફળતાનું મોટામાં મોટું રહસ્ય વાક્છટા જ છે. એક અંગ્રેજી પુસ્તકમાં લખ્યું છે કે, ''વકતાઓ જ મોટા નેતા છે.'' નરેન્દ્રભાઈ પણ પ્રખર વકતા છે. તેમની પાસે તર્ક છે, દલીલો છે, શબ્દોને રમાડવાની આવડત છે. પ્રજાને ભાવવિભોર બનાવી લોકોને પ્રવચનમાં ભાગીદાર બનાવવાની ત્રેવડ છે. (વિશ્વના વક્તાઓની વાતો ફરી કયારેક)

**અનુસંધાન પાના નં. ૭ પર**

## મંદિર પ્રવેશ - અસ્પૃશ્યતા નિવારણ આંદોલન ને વાત મોહનદાસ ક. ગાંધીની

*આજે દેશના ખૂણે ખૂણે આવેલા ધર્મસ્થાનોમાં મહિલાઓના પ્રવેશ-પૂજન અર્ચન અંગે મહિલાઓના આંદોલનો ચાલી રહ્યા છે. આઝાદી મેળવ્યાના આટલા વર્ષે પણ બંધારણે સ્ત્રી-પુરુષને સમાન ગણ્યા પછી પણ સ્થિતિ તો મહિલાઓને આંદોલન થકી જ પ્રવેશની રહી છે. આ આજની સ્થિતિ છે, પરંતુ જો આપણે ૧૦૦ વર્ષ પહેલાંની સ્થિતિ જોઈએ તો સ્થિતિ આવી જ હતી. ૨૦૧૧ ની વસ્તી ગણતરીને પ્રમાણ તરીકે લઈએ તો આજથી ૧૦૦ વર્ષ પહેલા ગુજરાતમાં જેમની ૮ ટકા વસ્તી છે અને રાષ્ટ્રકક્ષાએ જેમની ૧૫ ટકા વસ્તી છે. એ બંધારણમાં અનુસૂચિત કરાયેલી જ્ઞાતિઓને મંદિર પ્રવેશની પાબંદી હતી. ગાંધીજીએ સ્પૃશ્ય અને અસ્પૃશ્યના આખા ખ્યાલને જે આપણો ભ્રમ ગણાવ્યો હતો.*

*લોક રામાયણી ગોસ્વામી તુલસીદાસજીની પંક્તિઓ તેમને ટાંકતા અસ્પૃશ્યતા સામેની 'ભ્રમજાળ'ને તોડવાની તેમણે હિમાયત કરી હતી.*

**રજત સીપ મહં ભાસ જિમી, યથા ભાનુકર વારિ ।**
**જદપિ મૃષા તિહું કાલ સોઈ, ભ્રમ ન સકે કોઉ ટારિ ॥**


*ભારતીય સમાજમાં ભ્રામક રીતે ફેલાયેલા અસ્પૃશ્યતા વિશેના ખોટા ખ્યાલોને તુલસીદાસજીની રચનાના સહારે સમજાવતા પૂ. બાપુ કહે છે, છીપમાં રૂપાનો અને સૂર્યકિરણમાં પાણીનો જે ભ્રમ (મૃગજળ) પાણીનો જે ભ્રમ થાય છે તે ભ્રમ ત્રણે કાળ માટે અવાસ્તવિક હોવા છતાં તેને કોઈ ટાળી શકતું નથી. બરાબર એ જ રીતે, હિંદુ જનતાના હૃદયમાં અસ્પૃશ્યતા રુપી ભ્રમ ઊંડો ઉતરી ગયો છે. સારી કે નઠારી જે વાત આપણા ખ્યાલમાં અથવા હૃદયમાં ઠસી જાય છે તે અનુભવ થયા વિના નીકળતી નથી. બુદ્ધિથી આપણે સમજીએ છીએ કે કોઈ અસ્પૃશ્ય નથી. લોકો પાસે અસ્પૃશ્ય માટે કોઈ ચિહ્ન કે ભાષા નથી. અસ્પૃશ્ય જો પોતે માની લીધેલી કાલ્પનિક અસ્પૃશ્યતા છુપાવી દે તો એને ઓળખનારા થોડા લોકોને બાદ કરતાં કોઈ પણ એ અસ્પૃશ્ય છે એવો ખ્યાલ પણ કરી શકે નહીં એ રીતે કેટલાયે અસ્પૃશ્યો દરેક જગ્યાએ મંદિરોમાં અથવા બીજા સ્થાનોમાં કોઈ પણ જાતની રોકટોક વિના ચાલી જાય છે.*

**આપણામાંના પાંચમા ભાગને ગુલામ રાખીને સ્વતંત્રતાની આશા ન રાખી શકાય**

*બેરિસ્ટર ગાંધી દલીલ આગળ ધરાવતા સમજાવે છે કે અસ્પૃશ્યતા જો કોઈક પ્રકારનો ધર્મ હોત તો એક પ્રાંતના અસ્પૃશ્યને દરેક પ્રાંતમાં અસ્પૃશ્ય ગણવામાં આવ્યો હોત, પણ હકીકતમાં આસામના અસ્પૃશ્યને સિંધમાં અસ્પૃશ્ય માનવામાં આવતો નથી. ત્યાંની અસ્પૃશ્યતા, અનુપસાર્યતા વગેરેની તો બીજી જગ્યાએ ગંધ સરખી નથી.*

*હિંદુ જાતિઓમાં અસ્પૃશ્યતાની ભ્રામકતા એ ખૂબ જ ઘોર અને ભયંકર બની ગઈ છે એવો ઉલ્લેખ કરતાં પૂ. બાપુ કહે છે, આ ભ્રમ દૂર કરવાનો રાજમાર્ગ તો એ છે કે જેમનો ભ્રમ દૂર થઈ ચૂક્યો હોય તેઓ પોતાનાં કાર્યો વડે ભ્રમમાં ડૂબેલાઓને બતાવી આપે કે અસ્પૃશ્યતા નામનો કોઈ ધર્મ છે જ નહીં. (સંદર્ભ, ગાંધીજીનો અક્ષરદેહ - ૪૨, નવજીવન પ્રકાશન, પૃષ્ઠ : ૨૩૯)*

*એ સમયે (૧૯૨૩) અસ્પૃશ્યોને મંદિર પ્રવેશ માટે શ્રી જમનાલાલજી સહિત અનેક અગ્રણીઓએ આંદોલન કર્યું હતું. મંદિરમાં અસ્પૃશ્યોને પ્રવેશ માટેની એ લડત ઘણેભાગે સફળ પણ રહી હતી.*



**ગાંધી ૧૦૦**

ડૉ. રાજેન્દ્ર જાની

*જમાનાલાલજી લડતના પરિણામે સમાજના 'કહેવાતા' અસ્પૃશ્યો માટે મહારાષ્ટ્રના નર્મદા કિનારે વસેલા જબલપુરના ૮ મંદિરો અને મુંબઈનું એક મંદિર પ્રવેશ આપતું થયું હતું. મહાત્માએ આ મંદિરના ટ્રસ્ટીઓ અને સંબંધ ધરાવતા બીજા લોકોને એ બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા. ટ્રસ્ટીઓ અને આંદોલનકારી અગ્રણીઓને અભિનંદતા ગાંધીજીએ એવો આનંદ વ્યક્ત કર્યો હતો કે તેમને મંદિર પ્રવેશ કરાવીને હિંદુ ધર્મની અને હિંદુસ્તાનની સેવા કરી છે.*

*આની સાથોસાથ બાપુ લખે છે, અસ્પૃશ્યતાની ભયંકર સ્થિતિનું ભાન તેમનામાં જાગ્રત કર્યા પછી જો આપણે બહુ મોડું ન થઈ જાય તે પહેલાં એ સ્થિતિ હળવી કરવામાં સફળ ન થઈએ તો આપણે માટે એમની અધીરાઈનું અને એથી ય ઉગ્ર લાગણીઓનું પ્રદર્શન ટાળવાનું અશક્ય બની જશે.*

*ગાંધી વધુમાં કહે છે, 'જનતામાં આવેલી જાગૃતિને પરિમામે ઉપલા વર્ગોમાં સ્વતંત્રતાના ઓઝોન વાયુનું જેટલું પાન કરવાની આશા સેવે છે. તેટલો ઓઝોન વાયુ તેમને પણ મળવો જ જોઈએ. આપણે હિંદુઓ જ્યાં સુધી આપણામાંના પાંચમા ભાગને એવા ગુલામ રાખી મૂકીએ કે જેમને અડી પણ ન શકાય અને કેટલીક વાર જેઓ અમુક અંતરમાં આપણી નજીક પણ ન આવી શકે અથવા આપણી નજરે પણ ન પડી શકે ત્યાં સુધી આપણે સ્વતંત્રતાની આશા ન રાખી શકીએ.' (સંદર્ભ : ૨૭૭, નોંધ, અસ્પૃશ્યતા નિવારણ - આંદોલન, ગાંધીજીનો અક્ષરદેહ - ૪૨, પૃષ્ઠ : ૨૫૫)*

(લેખક - ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

## યુવા પેઢીને સાચી રાહ બતાવવા સારસ્વતોને મુખ્યમંત્રીનું આહ્વાન

વૃત્તસંચય

● દિગ્ગજ સાહિત્ય સાક્ષર-પ્રખર સારસ્વત ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનું મોડે મોડે પણ તેમની અમર સ્મૃતિમાં ભારત સરકાર દ્વારા ટપાલ ટિકિટ બહાર પાડી, તેમનું બહુમાન કરવામાં આવ્યું તે ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર ભારતવર્ષ માટે એક ગરિમાપૂર્ણ, આનંદની વાત છે. સાહિત્ય જગત માટે આ એક અવર્ણનીય ગૌરવપૂર્ણ પ્રસંગ કહી શકાય.



સંચાર અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય, ભારત સરકારના ટપાલ વિભાગ અને ગુજરાત સાહિત્ય અકાદમી ટપાલ વિભાગ અને ગુજરાત સાહિત્ય અકાદમી,રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજયના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭.૪.૨૦૧૬ના રોજ, નર્મદા હોલ, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર ખાતે માન. મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે, માન. રા.ક. મંત્રી નાનુભાઈ વાનાણીની ખાસ ઉપસ્થિતિમાં, પ્રખર સારસ્વત ગોવર્ધનરામ એમ. ત્રિપાઠીની સ્મૃતિમાં ટપાલ ટિકિટનું લોકાર્પણ થયું. પ્રારંભમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ સ્વાગત પ્રવચન કરી, સમગ્ર વિષયની ભૂમિકા બાંધી. ચીફ પોસ્ટ માસ્ટર જનરલ લેફ. કર્નલ ડી.કે. એસ. ચૌહાણે ટપાલ ટિકિટના આ વિમોચનને સંસ્કાર વારસાના જનતને પ્રસંગ ગણાવી, ગોવર્ધનરામ ત્રિપાઠીની શ્રેષ્ઠકૃતિ 'સરસ્વતીચંદ્રની લાક્ષણિકતાઓ વ્યક્ત કરી હતી. માન. રાજયમંત્રી નાનુભાઈ વાનાણીએ ગોવર્ધનરામને ભાવાંજલિ અર્પી, આ અવસરને સાહિત્ય જગત માટે અવર્ણનીય પ્રસંગ ગણાવ્યો હતો. માન. મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે પોતાના ઉદ્બોધનમાં યુવા પેઢીને સાહિત્ય અને સંસ્કૃતિનું જતન કરવા, તેમને પ્રેરિત કરી યુવા પેઢીને સાચી રાહ બતાવવા અને સમાજદાયિત્વ નિભાવવા દિગ્ગજો અને સાહિત્ય સર્જકોને આહ્વાન કર્યું હતું. યુવા પેઢી ગ્રંથાલયને વિસરી ન જાય અને સાહિત્યિક લેખન, વાંચન, મનન, ચિંતન દ્વારા ગુજરાતી ભાષાની ગરિમા અને ગુજરાતની સંસ્કાર પરંપરા જાળવીને શાશ્વતરાખે તે માટે, સાહિત્ય જગતના મોભીઓ યુવાનોને માર્ગદર્શન પૂરું પાડવા કટિબદ્ધ થાવ તેમ જણાવ્યું હતું.'

આ પ્રસંગે મૂર્ધન્ય સાહિત્યકારો સર્વશ્રી રઘુવીરભાઈ ચૌધરી, માધવ રામાનુજ, ચિનુ મોદી, પદ્મશ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રી, પ્રખર સાહિત્યકારો દોલત ભટ્ટ, ડૉ. કેશુભાઈ દેસાઈ, ડૉ. મોહનભાઈ પરમાર, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ, ઉપપ્રમુખ નટવર હેડાઉ, મંત્રી મૂળજીભાઈ પરમાર, ગાંધીનગર સાહિત્ય સભા અને સાહિત્ય અકાદમીના સભ્યો, સાહિત્ય સર્જકો અને ભાવકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી, આ ઐતિહાસિક પ્રસંગને દિપાવ્યો હતો.

● તાજેતરમાં દિલ્હી ખાતે રામધારી સિંહ દિનકર સ્મૃતિ ન્યાસ દ્વારા માવલંકર હોલમાં ભજવાયેલ, કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને મહાત્મા ગાંધીના સંબંધો વિશેના નાટક પ્રસંગે ડૉ. કેશુભાઈ દેસાઈએ બેઉ મહાપુરુષો વિષે મનનીય પ્રવચન આપ્યું હતું અને ભારતની પૂર્વ અને પશ્ચિમ સરહદને સાંકળતા ધ્રુવતારકો તરીકે ઓળખાવ્યા હતા. અને ગુરુદેવે ગાંધીજીને 'મહાત્મા' નું બિરુદ આપ્યું હતુ અને ગાંધીજીએ એમને 'ગુરુદેવ' કહી સંબોધ્યા હતા તેમ જણાવ્યું હતું.

● તાજેતરમાં ડૉ. કેશુભાઈ દેસાઈએ નાલંદા ખાતે નાલંદા વિદ્યાવિહારમાં ચીની યાત્રી હ્યુએન-સાંગની ભારતયાત્રા વિશે પ્રવચન આપ્યું હતું, જેમાં તેમણે જણાવ્યું હતું કે હ્યુ-એન-સાંગ નાલંદાથી અનેક ગ્રંથો ચીન લઈ ગયો હતો, જેના આધારે નષ્ટ થઈ ગયેલ નાલંદા વિશ્વવિદ્યાલયની શોધ અને ખોદકામ શક્ય બન્યું હતું.

● આગામી દિવસોમાં ડૉ. કેશુભાઈ દેસાઈની, મહાભારતના ઉપેક્ષિત પાત્ર 'વિદૂર' ઉપરની નવલકથા 'શૂદ્રાવતાર' પ્રગટ થનાર છે. આ નવલકથાના પ્રખર સાહિત્યકાર દોલત ભટ્ટની નવલકથા 'કૈકેયી'ની માફક એક જુદો જ ચીલો ચાતરીને નવલકથા ક્ષેત્રે નવીનતમ પ્રેરણાનાં પિયુષ પિવડાવશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

મહામાનવ - ભારતરત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણીના ઉપલક્ષ્યમાં, તાજેતરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ ગયો હતો, જેમાં ડૉ. ગુણવંત શાહ બાબાસાહેબ આંબેડકરના સંવિધાનિક નૈતિકતાના મહત્ત્વ વિશે વાત કરી હતી. તેમને વકતવ્યમાં જણાવ્યું હતું કે, 'જે સંવિધાનિક નૈતિકતાને ન સમજી શકે તે આંબેડકરને કદાપિ ન સમજી શકે. આજે સંવિધાનિક નૈતિકતાનો ભંગ કરવો એ એક ફૅશન બની ગઈ છે. સમગ્ર ગાંધીયુગમાં ડૉ. આંબેડકર એ સૌથી વધુ શિક્ષિત વ્યક્તિ હતા. તેમના જેટલી પદવી જવાહરલાલ નહેરુ પાસે નહોતી કે સરદાર વલ્લભભાઈ પટેલ પાસે પણ નહોતી અને મહાત્મા ગાંધી પાસે તો હતી જ નહીં. સૌથી અગત્યની વાત કે, તેમનું કોઈ પણ વ્યક્તિત્વ છીછરું નહોતું.'



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

આ પ્રસંગે રા.ક. શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પંકજ જાની, લેખક/પત્રકાર કિશોર મકવાણા, વીર નર્મદ દક્ષિણ ગુજ.યુનિવર્સિટીના કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર, યુનિ.ના એકેડેમિક નિયામક ડૉ. રવિ ગોર સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યા હતા.

● કવિ ન્હાનાલાલ દલપતરામના ૧૪૦મા જન્મદિન પ્રસંગે ઓમ/કોમ્પ્યુનિકેશન દ્વારા તા.૧૬મી માર્ચ-૨૦૧૬ના રોજ 'વસંતોત્સવ' સાહિત્યિક વ્યાખ્યાન કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે યોજાઈ ગયો, જેમાં ન્હાનાલાલ કવિના કવન વિશે મણિલાલ હ. પટેલે વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મનીષ પાઠક 'શ્વેત' એ કર્યું હતું. આ પ્રસંગ કવિ ન્હાનાલાલનાં પુત્રવધુ અને પૌત્રોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

દધિ મુક્તક

**કઠોર-નઠોર હતો દિલે જે કાયમી,**
**અંતર છલક્યું, થઈને ઝરણું અમી!**
**એકાએક કયાંથી ફૂટી આ સ્નેહસરિતા?**
**અવગત થયું, દિલે સ્ફુર'તી કવિતા!**

- muljibhaidadhi@gmail.com